KOLASA KAKA

VIMAVALA, I. M.

ગાંડીવ બાલોદ્યાનમાળા (૨)

પુષ્પ: :છઠ્ઠું

કોલસા કાકા

(કોલસાની ખાણ વિષે માહિતી આપનાર વાર્તા)

લેખક :

ઇશ્વરલાલ વીમાવાળા

૬

બીજી માળા

પ્રગટકર્તા—

ગાંડીવ સાહિત્ય મંદિર

૧૮૦, કેળાંપીઠ

સુરત

[કિંમત] [૦-૫-૦

આવૃત્તિ પહેલી

પ્રત ૨૦૦૦

ગાંડીવ મુદ્રણાલય, કેળાપીઠ સુરત
માં
નટવરલાલ વીમાવાળાએ છાપી પ્રગટ કર્યું.

સને ૧૯૩૦

વિક્રમ ૧૯૮૬

ઉપહાર

ચિ૦ ______________________________

ને

______________________________ તરફથી


સપ્રેમ ભેટ

આ ચોપડી લખવાનું એક અંગ્રેજી ચોપડી પરથી સૂઝયું છે. કોલસો આપણા ઘરમાં વપરાય છે અને કોલસાની મદદથી ઉત્પન્ન થતી ઘણી શક્તિઓનો આપણે લાભ લઈએ છીએ. આગગાડી કોલસાથી ચાલે છે. મીલોમાં કોલસો વપરાય છે. વિજળી પેદા કરવાનાં તેમજ બીજાં મોટાં કારખાનાંઓમાં પણ કોલસાથી બોયલરમાં પાણી ઉકાળીને શક્તિ પેદા કરવામાં આવે છે. તે કોલસો ક્યાંથી નીકળે છે, તેને કાઢવા માટે કેટલી મુશ્કેલી પડે છે, તે કાઢનાર માણસોને કેટલાં જોખમ હેઠળ કામ કરવું પડે છે તે બધું આ વાર્તા પરથી સમજાશે.


આશા છે કે બાળકોને આ વાત ગમશે જ.

ઇશ્વરલાલ વીમાવાળા

કોલસા કાકા



વિલાયતની ખાણમાં મજૂરો પાંજરામાં બેસી ખાણમાં ઉતરે છે



કોલસાથી ભરેલી ટ્રામ ગાડીને સંચાથી ઊંધી વાળવામાં આવે છે.

કોલસા કાકા

તડતડીઓ કોલસો

એક દિવસ મગન સવારના વહેલો ઉઠીને લેસન કરવા બેઠો હતો. તેની પાસેના ઓરડામાં રસોડું હતું. ત્યાં એની મા રાંધતી હતી. તેણે સઘડી સળગાવી હતી. ને તેના ઉપર દાળનું આંધણ મૂકયું હતું. એટલું કર્યા પછી તેને કયાંક બહાર જવાનું થયું. તેથી તેણે મગનને કહ્યું કે—બેટા, આપણા ઘરમાં આજે ખારો થઇ રહ્યો છે. તે હું પડોશમાં જમની બ્હેનને ત્યાંથી જરા માંગી લાવું છું. તેટલો વખત તું આ આંધણ જોજે. ઉભરાય તો ઉપર ઢાંકેલું ઢાંકણું જરાક ખોલી નાંખજે.

મગને કહ્યું—વારૂ.

તે પોતાની લખવાની ચોપડી લઇને સઘડી પાસે

જઈ બેઠો. તેની મા પડોશીને ઘેર ગઈ. મગન ગોપડીમાં પોતાનું લેસન લખવા લાગ્યો. તે લખતો જાય અને સઘડી પર તપેલીમાં ઉકળતા પાણી તરફ જોતો જાય.

આમ તે બેઠો હતો એટલામાં સઘડીમાં તડડડડ કરતો એક અવાજ થયો ને પાંચ સાત મોટા મોટા તણખા બહાર ઉડ્યા. મગને ચમકીને દેવતા તરફ જોયું. એટલામાં ફરી પાછા તણખા ઉડયા. એણે વિચાર કર્યો, કે આમ મોટા મોટા તણખા ઉડે તો કદાચ આગ લાગી બેસે. માટે લાવ, શું છે તે જોઉં. એમ વિચારીને તે ઉઠ્યો અને આંધણની તપેલી સઘડી પરથી ઉતારીને તેણે દેવતામાંથી એક તડતડીઆ કોયલો કાઢીને બહાર જમીન પર મૂક્યો.

આંધણની તપેલી પાછી દેવતા પર ચઢાવીને તે તડતડીઆ કોયલા તરફ ધારી ધારીને જોવા લાગ્યો. ને મનમાં વિચાર કરવા લાગ્યો કે આ કોયલો તડતડતો કેમ હશે ? એમાં એવું તે શું છે ? આ બીજા કોલસા તો બરાબર સળગે છે ને આ એકમાંથીજ તણખા નીકળે છે તેનું શું કારણ ?

એને કાંઈ સમજ પડી નહિ. પણ એટલામાં તે કોયલાને જાણે વાચા આવી હોય તેમ તે બોલી ઉઠ્યો—

કેમ મગન ભાઈ, મને શું જૂઓ છો ? મારામાંથી

તડતડ થઇને તણખા નીકળે છે તે જોઇને તમને નવાઈ લાગે છે ! ખરૂં ને ? પણ એમાં નવાઈ લાગવા જેવું કશું નથી. સાંભળો. હું જમીનમાંથી નીકળેલો છું. જમીનની અંદર ઘણા વાર નીચે-બસો વાર નીચે હું દટાયલો હતો. ત્યાંથી મને મજુરોએ મને ખોદીને બહાર કાઢ્યો છે....

મગન બોલી ઉઠયો—શું ? જમીનની નીચે તું દટાયલો હતો ? ને તે પણ બસો વાર નીચે ? અધધધધ. એમ કેમ બને ?

કોલસો બોલ્યો—હા. હું બહુ ઉંડાણમાં દટાયલો હતો. લગભગ બધા કોયલા જમીનમાં દટાયલા હોય છે. કેટલાક બીજી રીતે ભઠ્ઠી કરીને પણ બનાવાય છે, પણ મારી સાથેના બધા કોયલા જમીનમાં દટાયલા હતા. મજુરોએ અમને ખોદીને બહાર કાઢ્યા છે. બહાર કાઢ્યા પછી અમને ધોઇને સાફ કર્યા. જમીનની અંદર અમારી સાથે કાંકરી અને માટી પણ ભેળાઈ ગયેલી હતી. મજુરોએ તે કાંકરી-માટી ધોઈ નાંખી. ત્યારેજ અમે બળવાને લાયક બન્યા.

મગન બોલ્યો—ત્યારે આ બીજા કોયલા તો બરાબર બળે છે ને તું કેમ તડતડ કરે છે ?

કોયલો કહે—મને તે લોકોએ બરાબર ધોયો નથી, તેથી મારા પેટમાં થોડીક કાંકરી ને માટી હજુ રહી

ગઈ છે. તે મને બરાબર બળવામાં વિઘ્ન કરે છે.

એમ કહેતાં કહેતાં તો તે કોયલો ઠંડો થઈ ગયો. મગને ખાંડણીનો દસ્તો લઇને તે કોલસા પર માર્યો એટલે તેના ભૂકેભૂકા થઈ ગયા. તેમાં બારીક નજરે જોતાં એને કેટલીક કાંકરીઓ દેખાઈ. તેને હાથમાં લઈને એ તપાસવા લાગ્યો.

એટલામાં એની બા આવી પહોંચી. તેણે એને દસ્તા વડે કોયલો ભાંગતો જોઇને પૂછ્યું કે કેમ બેટા, આ શું કરે છે?

ત્યારે મગને જવાબ દીધો કે બા, એ તો આ તતડતો કોયલો છે, તેને હું ભાંગીને જોઉં છું કે એ કેમ તતડે છે?

એ તો તતડે. એમાં જોવાનું શું?—એની બાએ જવાબ દીધોઃ જાત નઠારી હોય તે કોયલા તતડે સ્તો.

મગને કહ્યું—પણ મારે તો એનું ખરૂં કારણ જાણવું છે. બા, તને ખબર છે?

માએ કહ્યું કે ના બેટા; પણ તારા મામા કોયલાની વખારમાં નોકરી કરે છે તેને બધી ખબર હશે.

મગન બોલી ઉઠ્યો—હા. હા. એ તેં ઠીક યાદ દેવાડયું. છોટુમામાને બધી ખબર હશેજ. હું કાલે એમને ત્યાં જઇને પૂછીશ.

મામાની ઘેર

બીજે દિવસે મગન વહેલો વહેલો પોતાના મામાને ત્યાં ગયો. તે વેળા એના મામા ન્હાઈ કરીને પોતાની વખારે જવાની તૈયારી કરતા હતા. મગનને આવેલો જોઇને તેમણે પૂછ્યું કે કેમ ભાઈ, કંઈ અત્યારમાં આવવું પડયું ?

મગને પૂછ્યું કે મામા તમે કોયલાની વખારમાં નોકરી કરો છો ને ?

મામાએ કહ્યું કે હા.

મગને પૂછ્યું—ત્યારે તમે મને એટલું નહિ કહો, કે કોયલાની અંદર કોઈ કોઈ તતડે છે કેમ ? ને કોયલા બધા જમીનની નીચેથી નીકળે છે તે શું ખરી વાત છે?

છોટુમામાએ કહ્યું—હા. ભાઈ કોયલા ઘણુંખરૂં જમીનની અંદરથી નીકળે છે. એની તો મોટી મોટી ખાણો આવે છે.

ખાણો એટલે શું ?—મગને તરતજ પૂછ્યું.

ખાણો એટલે જમીનની અંદર ઘણે ઉંડે ખોદી ખોદીને ઓરડાઓ બનાવ્યા હોય તે. કોલસા, તેમજ લોઢું, સોનું, રૂપું વગેરે બધી ધાતુઓ જમીનની અંદરથી

નીકળે છે. તેને ખોદીને કાઢવા માટે ઉંડા ઉંડા કુવા બનાવવા પડે છે અને તે કૂવાના તળીઆમાં આસપાસ ચારે બાજુ ખોતરી ખોતરીને મોટાં ઘર ઘર જેવડા ઓરડા બનાવે છે. જો તારે કોયલાની ખાણ જોવી હશે તો હું તને બતાવીશ.

એ સાંભળીને મગન તો બહુજ રાજીરાજી થઇ ગયો. એને તો એટલુંજ જોઇતું હતું. તે બોલી ઉઠયો—હા, મામા. મારે કોયલાની ખાણ જોવી છે. મને આજે રજા છે. આજે નહિ બતાવો ?

મામાએ કહ્યું—તું મારી સાથે ચાલ. વખારે આપણે શેઠને પૂછી જોઈશું. તે જો હા કહેશે તો હું તને ખાણમાં લઈ જઈશ.

કોયલાની વખારે

હવે છોટુમામાના શેઠ એક મોટી કોલસાની ખાણમાં ભાગીદાર હતા. તેમની પોતાની વખાર અને દુકાન પણ હતી. મગન પોતાના મામાની સાથે તે વખારે ગયો. તો ત્યાં ડઝનબંધી મજુરો ને મજુરણો બેસીને કામ કરતાં હતાં. કેટલાક ચારણા વતી કોલસા ચાળતા હતા. કેટલાક નાના મોટા કોલસા જુદા પાડતા હતા.

છોટુમામાએ મગનને સાથે લઇને શેઠ પાસે જઇને પૂછ્યું કે મારે મારા આ ભાણેજને ખાણ બતાવવી છે, તો આપની રજા હોય તો એને લઈ જાઉં.

શેઠે ખુશી થઇને હા કહી અને એક કાગળની કાપલી પર કંઈક લખી આપ્યું. તે લઇને છોટુમામા મગનને લઇને વખારમાંથી બહાર નીકળ્યા.

તેમણે એક ગાડી ભાડે કરી અને તેમાં બેસી શહેરથી ઘણે દૂર એક મોટા કારખાના જેવું હતું, ત્યાં ગયા. એ કારખાનું શહેરથી બે ત્રણ માઈલ દૂર હશે.

ગાડીવાળાને ભાડું ચુકવી આપીને પછી મગને અને છોટુમામાએ તે કારખાનામાં પ્રવેશ કર્યો. એ કારખાનાના દરવાજામાંથી રેલ્વેના પાટા જેવા પાટાનો એક ફાંટો નીકળીને ઘણે દૂર સુધી જતો દેખાયો. મગને તે જોઇને મામાને પૂછ્યું કે મામા, આ પાટા ક્યાં જતા હશે?

ખાણવાળી જગા પર

ત્યારે મામાએ કહ્યું કે એ પાટા સ્ટેશન પર જાય છે. આ કારખાનામાંથી જેટલો કોલસો નીકળે તે બધો વેચવા માટે બહારગામ લઈ જવાનો ખરોને? તે ગાડામાં નાંખીને લઈ જાય તો પાર આવે નહિ, અને ખરચ પણ

બહુ આવે. તેથી આગગાડીના ડબ્બા જેવા ડબ્બા અહીં કારખાનામાંજ ભરાય છે ને રેલ્વેનું એંન્જીન આવીને તેને ખેંચી લઈ જાય છે. એમ કરતા તેઓ અંદર ગયા.

ત્યાં મગને જોયું તો રેલપાટાના ફાંટાઓ કારખાનામાં જુદે જુદે ઠેકાણે બધી દિશામાં જતા હતા. બધા મળીને લગભગ વીસ ફાંટા હશે. ને તેના ઉપર ભારખાનાના સંખ્યાબંધ ડબ્બાઓ ઉભેલા હતા. કેટલાકમાં કોલસા ભરેલા હતા ને કેટલાક ખાલી હતા. વળી જમીનની ઉપર કોલસાના મોટા મોટા ઢગલા કરેલા હતા તે તો જુદા. તે ઢગલામાં કેટલાક તો ઘર ઘર જેવડા ઉંચા હતા. જાણે નાના ડુંગરો સ્તો. તેમાં વળી કોઈમાં નાના કોલસા, તો કોઈમાં મોટા કોલસા એમ કદ પ્રમાણે જુદા જુદા ઢગલા હતા.

કારખાનામાં થોડે દૂર એક લોખંડનો મિનારો બનાવેલો હતો. એ મિનારાની પાસે કારખાનાંનાં મકાનો હતાં. મિનારાને બતાવીને મગને પૂછ્યું કે મામા પેલું શું છે ?

મામાએ જવાબ દીધો—એ લોખંડનો મિનારો છે. અંગ્રેજીમાં એને શાફ્ટ કહે છે. એ શાફ્ટની નીચે એક ઉંડો ખાડો—અરે કૂવો છે. એટલો બધો ઉંડો કે આપણી તો નજરે ન પહોંચે. આપણા ઘરમાં કૂવો છે તેવા તો

પચાસ કુવા અંદર થાય એટલો ઉંડો.

ઓ બાપરે ! મગન બોલી ઉઠયોઃ—એ કુવો શા માટે બનાવ્યો હશે ?

એની અંદર ખાણ છે. કુવો તો ખાણમાં જવાનો માર્ગ છે. કુવામાં ઉતરીએ એટલે ખાણમાં જવાય.

મગન કહે—ચાલોને મામા, આપણે પહેલાં ખાણમાં જઇએ. મને જમીનની અંદરના એ ઓરડાઓ જોવાનું બહુ મન છે.

મામાએ કહ્યું—બધું આપણે ધીમે ધીમે જોઈશું. ખાણમાં ઉતરવાનું કાંઈ સહેલું નથી. વળી એ બહુ જોખમ ભરેલું પણ છે. અજાણ્યા માણસો એમાં વગર પૂછયે ઉતરી પડે તો અંદર મરીજ જાય.

એમ કે ?

હા. ખાણમાં જવું બહુજ જોખમભરેલું છે. આપણા જેવાથી એકલા તો જવાયજ નહિ. આપણે એકલા જ ઇએ ને ઉપરથી એકાદ કોલસાનું ગચીયું માથા પર પડે તો ચગદાઈ જ મરીએ.

મેનેજરને મળ્યા

પછી તે બંને જણા કારખાનાના મેનેજરની ઓ-

ફ્લાસમાં ગયા. ત્યાં મેનેજર સાહેબ ટેબલ પાસે બેસીને કાંઈક લખતા હતા. તેમણે છોટુમામાને જોઇને સલામ કરી ને હસ્યા. દર મહિને પોતાનો પગાર લેવા તો એ મેનેજર સાહેબ શેઠની પેઢી પર છોટુમામાની પાસેજ આવતા; એટલે બંને વચ્ચે ઓળખાણ સારી હતી.

તેમણે પૂછ્યું કે કેમ છોટુભાઈ, શા માટે આવવું થયું ?

છોટુમામાએ કહ્યું કે–આ મારા ભાણેજને ખાણ જોવી છે, તેથી શેઠની રજા લઈને અહિં તેડી લાવ્યો છું. કેમ, અત્યારે ખાણ જોઈ શકાશે કે નાહ ?

ઓહો, ઘણીજ ખુશીથી–ઘણીજ ખુશીથી. એમ કહીને મેનેજર સાહેબે પોતાના ટેબલની બાજુમાં ગોઠવેલું એક બટન દબાવ્યું. તેથી પાસેના ઓરડામાં એક ઘંટડી વાગી અને તરતજ એક પટાવાળો સિપાઈ અંદર આવ્યો ને સલામ કરીને ઉભો રહ્યો.

મેનેજર સાહેબે તેને કહ્યું કે ખાણમાંથી બચ્છુમીયાંને બોલાવ. પેલા સિપાઇએ સામેની ભીંત પર વળગાડેલા ટેલીફોન પાસે જઇને ભુંગળી હાથમાં લીધી. અને હેન્ડલ ફેરવીને બોલ્યો:–એલાવ, એલાવ. બચ્છુમીયાં.... સાહેબ બોલાવે છે....વારૂ. જલદી આવો.

મગને આ જોઇને પૂછ્યું કે આ સિપાઈ કોની

સાથે વાત કરે છે?

છોટુમામાએ જવાબ દીધો કે જમીનની અંદર ખાણમાં મુકાદમ છે તેની સાથે. હમણાં તે અહિં આવી પહોંચશે.

થોડીવારમાં જ એક કદાવર શરીરનો મુસલમાન આવી પહોંચ્યો. તેણે આખે ડીલે કાળા મેંશ જેવા કપડાં પહેર્યાં હતાં. તેના મ્હોં ઉપર ને આંખની પાંપણો ઉપર પણ કાળી રજકણોના થર બાઝયા હતા. મગન તો એને જોઇને વિચારમાં પડી ગયો કે આ તે માણસ કે ભૂત?

પણ એ કાંઈ ભૂત ન હતો, માણસ જ હતો. ખાણની અંદર કામ કરતા મજુરોનો એ મુકાદમ હતો. મેનેજર સાહેબે તેને જોઇને કહ્યું કે બચ્છુમીયાં, આ આપણા છોટુભાઈના ભાણેજને ખાણ જોવી છે. તે તેમને બધે ફેરવીને બતાવો.

વારૂ સાહેબ.

મેનેજરે કહ્યું–જોજો. સંભાળીને લઈ જજો. જોખમભરેલી જગાએ લઈ જતા નહિ.

અચ્છા સાહેબ–એમ કહીને બચ્છુમીયાં બહાર નીકળ્યા. તેની પાછળ મગન અને છોટુમામા પણ ચાલ્યા.

બહાર નીકળીને બચ્છુમીયાં બોલ્યા કે આપણે પહેલાં પાવર-હાઉસમાં જઇશું. આ કોલસાની ખાણમાં

અંદર કે બહાર જે જે સાંચાઓ ચાલે છે, ને માલની આવજા થાય છે તે બધું કામ કરવાને જોઈતું બળ એ પાવર-હાઉસમાં પેદા થાય છે.

ત્રણે જણા એક મોટા ને ઉંચા મકાનમાં પેઠા. ત્યાં એક જબરદસ્ત એન્જીન ચાલતું હતું. તે એન્જીનનું બોયલર તો એવડું મોટું કે ઉભા ને ઉભા દશ પંદર માણસો અંદર દાખલ થાય તોયે પત્તો નહિ લાગે. એન્જીનના ચક્કર વડે પાસેના ઓરડામાં એક ગંજાવર રાક્ષસી પૈંડું ફરતું હતું. મગન તો તે પૈંડું જોઇને આભોજ બની ગયો. તે પૈંડાની વચ્ચેની લંબાઈ જોઈ હોય તો—વી....સ ફુટ! અધધધ! જમીન પર ઉભું કર્યું હોય તો એની ટોચ એક માળવાળા ઘરને છાપરે પહોંચે. પણ આ તો અડધું જમીનની અંદર ઉતારેલું હતું. તે એટલા બધા વેગથી ફરતું હતું કે એક મિનિટમાં તે કેટલી વાર કરે છે તેની ગણત્રી કંઇ થાય બાય નહિ.

એ પૈંડું બતાવીને મીયાં ફરી બોલ્યા—આ ખાણના બધા સંચાઓ આ પૈંડાના બળથી ચાલે છે. એનું વજન ૩૬૦૦ મણ છે. અને ૨૪૦૦ ઘોડાબળ (હોર્સપાવર) જેટલું કામ એ આપે છે. આ જોડેના ઓરડામાં બીજું એક આવડુંજ મોટું એન્જીન છે. તેનાથી વિજળી પેદા થાય છે. સમજયાને મગનભાઇ?

મગને ડોકું ધુણાવીને હા કહી.

એટલે મીઆંએ આગળ ચલાવ્યું—અહિં પેદા થતા બળથી જ ખાણમાંથી કોયલા બહાર આવે છે, ખાણમાં ઝરતું પાણી પંપવડે બહાર કાઢી નંખાય છે, ને બીજું ઘણું કામ થાય છે. તે બધું કેવી રીતે થાય છે તે હું તમને બતાવીશ. તે જોઇને તમને ઘણી મઝા પડશે.

પછી તેઓ બીજા મકાનમાં ગયા. ત્યાં કેટલાક સંચા ચાલતા હતા ને માણસો લોખંડ ટીપવાનું કાપવાનું ઘસવાનું એવું કંઈ કંઈ કામ કરતા હતા. ત્યાં ભીંતો ઉપર સંચાના જુદા જુદા ભાગો ટંગાવેલા હતા. તે જોઈ મગને પૂછ્યું કે મીયાં, આ બધું શું છે?

મીયાં બોલ્યા કે અહિં સંચાઓના તૂટેલા ભાગો સમારવાનું ને નવા બનાવવાનું કામ થાય છે. આ ભીંતો ઉપર જે ભાગો ટંગાવેલા છે તે આ મોટા એન્જીનના ભાગો છે. જે જે ભાગો અકસ્માતથી ભાંગી જાય એવા હોય તેની ડબલ જોડી બનાવીને અમે હંમેશા તૈયાર રાખીએ છીએ. તેમ ન કરીએ તો કોઈ વાર એન્જીન બે ત્રણ દિવસ સુધી બંધ પડી જાય અને આખી ખાણના બધા કામદારો નવરા બેસી રહે....

ને તેથી શેઠને મોટી ખોટ જાય ખરૂં કની?—

મગન વચમાં બોલી ઉઠ્યો.

હાસ્તો. ત્રણચાર હજાર માણસ નવરા બેસે તો કેટલી બધી ખોટ જાય ! પણ એવું કાંઈ ન થાય માટેજ અમે એન્જીનોના એવા નાજુક ભાગ હોય તેની જોડી તૈયાર રાખીએ છીએ.


ચાનક—કુવો

આમ તેમ નિરીક્ષણ કર્યા પછી તેઓ બહાર નીકળ્યા. મીયાં તેમને એક કંઈ તાબુત જેવું દેખાતું હતું તેની પાસે લઈ ગયા. ત્યાં જઇને મગને જોયું તો એ લોખંડના પાંજરા જેવા મિનારાની નીચે એક મોટો કુવો હતો. ને તેમાં દોરડાં ઉતારેલાં હતાં. મિનારાને માથે એક લોખંડનું ચક્કર ફર્યા કરતું હતું તેના વડે દોરડાં ખેંચાતાં હતાં. તે બતાવીને મગને પૂછ્યું કે મામા, આ શું હશે ?

મામાએ જવાબ આપ્યો—એ ખાણમાં ઉતરવાનો રસ્તો છે.

આવો તે રસ્તો ? આ તો કુવો છે કુવો—મગન નવાઈ પામીને બોલ્યો.

મીયાં કહે—હા ભાઈ, એ કૂવો છે; પણ એમાં થઇને જ જમીનની અંદર જવાય છે. આ કૂવાને અમે



ખાણમાં ઉતરવાના મિનારા તેમજ ખાણની અંદરનો ભાગ કેવો હોય છે તે આ ચિત્ર પરથી સમજાય છે.


ચાનક કહીએ છીએ. આ જે દોરડાં ખેંચાય છે તે લોખંડના મજબૂત તારો અમળાવીને ગુંથેલાં છે. જૂઓ,

હમણાં એ પાંજરૂં ઉપર આવશે.

મીયાં એમ બોલી રહ્યા કે તરતજ એક મોટું પાંજરૂં ઉપર આવ્યું. તે ઉંચે આવતાંજ જમીન સરસું ઉભું રહ્યું. તે પાંજરામાં કોલસાથી ભરેલી બે હાથગાડીઓ હતી. તે ગાડીઓ લોખંડની બનાવેલી હતી ને તેનાં પૈડાં પણ લોખંડનાં હતાં. તે પૈડાંની એક તરફની કોર બહાર પડતી, મોટી હતી. જેવી રીતે આગગાડીનાં પૈડાની કોર હોય છે તેમ. ને આગગાડીની પેઠેજ તે હાથગાડીઓ પાટા પર ઉભેલી હતી. પાંજરૂં ઉપર આવીને ઉભું રહેતાંજ પાંજરાની અંદરના પાટા બહારની જમીન ઉપરના પાટાની સાથે એક હારમાં આવી રહ્યા. એટલે ત્યાં ઉભેલા એક માણસે એ હાથગાડી બાંધેલી હતી તે છોડી અને બહારના પાટા પર ધક્કો મારીને હડસેલી મૂકી. તે ગડગડ કરતી ચાલી. થોડેક દૂર કોલસાનો મોટો ઢગ પડ્યો હતો ત્યાં બીજા માણસો ઉભા હતા. તેઓ ગાડીને ધક્કો મારીને આગળ લઈ જવા લાગ્યા. એટલે મીયાં બોલ્યા—

હવે આ માણસો એ કોલસામાંથી નાના મોટા કદના કોલસા જુદા પાડશે; તેમજ ભારે, હલકા, સારી નઠારી જાતના કોલસા જુદા પાડશે. તે બધું કેવી રીતે થાય છે તે આપણે પછીથી જોઈશું. હમણાં તો આપણે

ખાણની અંદર જઇને કોલસા કેવી રીતે ખોદે છે તે જોઈએ.



મિનારામાંના પાંજરામાંથી ટ્રામ
ગાડીઓને કેવી રીતે ઉતારે છે તે.

આમ કહીને મીયાં પાંજરામાં જઇને ઉભા. એટલે મગન તથા છોટુમામા પણ તેમાં જઇને ઉભા. મીયાંએ એક હાથો ખસેડયો એટલે તરતજ પાંજરૂં જમીનમાં નીચે ઉતરવા લાગ્યું.

પાંજરામાં

તે વેળા મીયાં બોલ્યા—મગનભાઈ, સંભાળીને પાં-

જરામાં ઉભા રહેજો. હાથપગ કે હોકું પાંજરાની બહાર કાઢવા જશો નહિ. પેલો હાથો છે તે મજબૂત પકડીને ઉભા રહેજો, હોં !

મગન બોલ્યો—મેં હાથો બરાબર પકડેલો છે. પાંજરાની બહાર હાથ પગ કાઢીએ તો કપાઈજ જાય—કેમ ખરૂં કેની ?

હા. બરાબર છે.

ધીમે ધીમે પાંજરાની ઝડપ વધવા માંડી. સડસડ કરતું તે નીચે ને નીચે ઉતરતું હતું. જોતજોતાંમાં તેની ઝડપ જોસમાં દોડતી આગગાડીના જેટલી થઈ ગઈ. મગન બોલ્યો—

આ પાંજરૂં આટલી બધી ઝડપથી ચાલે છે છતાં આપણને આચકા બીલકુલ લાગતા નથી !

બચ્છુમીયાંએ કહ્યું—આચકા ક્યાંથી લાગે ? પાંજ-રાને ચારે તરફથી લોખંડના રેલ પાટાની વચ્ચે જકડેલું છે એટલે નીચે કે ઉંચે જવા સિવાય બીજી કોઈ પણ રીતે તે હાલી શકે તેમ નથી.

સડસડ સડસડ કરતું પાંજરૂં તો ચાલ્યું. તેના રસ્તામાં એક બે ઠેકાણે ભીંતમાં બાકોરાં પડેલાં દેખાયાં. થોડીવારે તેનો વેગ ધીમો પડવા લાગ્યો. મગને જાળીયા-માંથી નીચે નજર કરી તો કેટલાક દીવા દેખાયા અને

નાના સરખા માણસો પાંજરૂં ઉભું રહેવાની જગા પર આવીને ઉભેલા—વાટ જોતા—માલમ પડ્યા. ઉંચેથી તે માણસો બહુજ નાના દેખાતા હતા.


એક મિનિટમાં પાંજરૂં છેઠ નીચે આવી રહ્યું એટલે અટકીને ઉભું રહ્યું. મગન અને તેના મામા નીચે ઉતર્યા. આસપાસ જુએ છે તો બધે અંધારૂં ઘોર. કેટલાક માણસો દીવા લઇને ઉભા હતા અને કેટલાક આમથી તેમ ફરતા હતા. તેમની ચિણગારીઓ સિવાય બીજું બધું અંધારૂં ઘોર. સાવ કાળું મેસ જેવું દેખાતું હતું. જે માણસો દીવો લઈ ફરતા હતા તેમનાં મ્હોં તથા કપડાં પણ કોયલાની ધૂળને લીધે કાળાં મેસ જેવાં બની ગયેલાં હતાં. એટલે કોઇ ઓળખી શકાય તેવા પણ ન હતા.

મગન અને છોટુમામા પાંજરામાંથી ઉતર્યા એટલે તેમની જગાએ પેલા વાટ જોતા માણસો પાંજરામાં ચઢી ગયા. અને પાંજરૂં પાછું ઉપર ચઢવા લાગ્યું. બચ્છુમીયાં મગનને તેડીને ખાણના અંદરના ભાગમાં જવા લાગ્યા. ત્યાં ચારે બાજુ મોટા મોટા રસ્તાઓ કાઢેલા હતા, અને તે રસ્તાની બાજુમાં પાછી નાની મોટી ગલીઓ બનાવેલી હતી. રસ્તાઓ ઉપર રેલપાટા નાંખેલા હતા અને તેના ઉપર ઠામઠામ કોયલા ભરવાની ટ્રામ ગાડીઓ ઉભેલ

અને ચાલતી માલમ પડતી હતી.

ખાણમાં આગ


બચ્છુમીયાં મગનને લઇને જરાક આગળ ચાલ્યા. એટલામાં એક મજુર મળ્યો. તે કોયલા ખોદવાનું કામ કરીને પરવાર્યો હતો અને પોતાનો વખત પૂરો થયો હોવાથી આરામ લેવા માટે ઉપર જતો હતો. તેને સંબોધીને બચ્છુમીયાંએ કહ્યું–અરે બુધિયા, ઉભો રહે.



ખાણની અંદર કેવી રચના હોય છે તે આ ચિત્ર પરથી સમજાય છે.

બુધિયાએ સલામ કરીને કહ્યું—કેમ સાહેબ?

તારૂં ફાનસ મને આપ. એમ કહી બચ્ચુમીયાંએ તેનું ફાનસ લઈ લીધું. મગનને તે ફાનસ બતાવીને કહ્યું—જુઓ મગનભાઈ, આ ખાસ જોવા જેવું ફાનસ છે, આને અમે ડેવીલેમ્પ કહીએ છીએ. સો વરસ ઉપર સર હમ્ફ્રે ડેવી નામના સાહેબે આ ફાનસની બનાવટની શોધ કરી હતી. ત્યારથી બધી ખાણોમાં આજ જાતનાં ફાનસો વપરાય છે. આ ફાનસની ખુબી એ છે કે એનાથી કોઈ દિવસ આગ લાગવાની ધાસ્તી રહેતી નથી. તમને નવાઇ લાગશે કે અહીં ખાણમાં વળી આગ શાની લાગે ? અહીં કપડાંલત્તાં કે લાકડું કે ઘાસ જેવી તો કોઈ ચીજ નથી ! હા, એ ખરૂં, અહીં એવી કોઇ વસ્તુ નથી. પરંતુ કોયલાની ખાણમાં કોઇ કોઈ ઠેકાણે એક જાતના ગેસ પેદા થાય છે. જમીનના ગર્ભમાં જાતજાતના રસાયણી પદાર્થો રહેલા છે. તેમનું પરસ્પર મિશ્રણ થવાથી તેમજ કોયલાની સાથે સ્પર્શ થવાથી જે ગેસ—અથવા ધૂમાડો ઉત્પન્ન થાય છે તે સળગી ઉઠે એવો હોય છે. એવો ધૂમાડો જ્યાં હોય છે ત્યાં બીજો સામાન્ય જાતનો દીવો કે દેવતા લઈ જવો એ બહુ જ જોખમભરેલું છે. ભૂલેચૂક એવી



ખાણ-મજુરનું ફાનસ

જગાએ દીવો લઈ ગયા, અથવા કોઈએ બીડી પીવ ખાતર પણ દીવાસળી સળગાવી તો બારજ વાગી ગય સમજવા. તરતજ મોટો ભડકો થાય; ને કદાચ ધડાકે પણ થાય. અને ત્યાં આગળ કામ કરતા બધા મજુરે ગુંગળાઈને મરણ પામે, અથવા તેમનાં કપડાં સળગીને દાઝી જાય.

તેવું કંઈ નાહ બને એટલા માટે અમે ખાણમ આજ ફાનસ વાપરીએ છીએ. એમાં એવી કરામત કરેલ છે કે દીવાનો ભડકો બહાર નીકળી શકેજ નહિ. જુઓ


ફાનસની રચના

એમ કહીને બચ્છુમીયાંએ ફાનસ ખોલીને બતાવ્યુ કે—આ ફાનસની ઉંચાઈ આશરે દશ ઇંચ જેટલી હોય છે એના માથા પર એક કડી હોય છે. તેના વડે ફાનસ ગમે તે જગાએ હાથમાં ઝાલીને લઈ જવાય. તેમજ જરૂર પડે તો ખીલી પર ટંગાવી પણ શકાય. નીચેના ભાગમાં બત્ત અને મોંઢીયું અને તેની તળેના ડબ્બામાં તેલ રહે છે દીવાની આસપાસ કાચની ચીમની હોય છે. ચીમનીનુ રક્ષણ કરવાને ચારે બાજુ પર પિત્તળના સળીયા ગોઠવેલ છે. ચીમનીના મથાળાની આસપાસ તથા ઉપર તારની

બારીક જાળીનું ભૂંગળું જેવું બનાવીને વીંટી લીધું હોય છે. એ જાળીમાંથી ગરમ થયેલી હવા બહાર નીકળી શકે છે, પરંતુ દીવાની જોત અથવા ભડકો બહાર નીકળી શકતો નથી. આથી ખાણમાં આસપાસની હવા ગમે તેવી, સળગી ઉઠે તેવી હોય છતાં આ ફાનસને લીધે આગ લાગવાની ધાસ્તી રહેતી નથી.

આ તારની જાળીના ભૂંગળાની આસપાસ પતરાંનું એક બીજું ભૂંગળું ગોઠવેલું છે. તેથી દીવો વધારે સલામત બને છે. ખાણની અંદર કામ કરનારાએ આગ ન લાગે તે માટે બહુજ સાવચેતી રાખવી પડે છે. જો કોઈ માણસને કામ કરતાં એમ લાગે કે મારા ફાનસનો દીવો જોઈએ તે કરતાં મોટો બળે છે અથવા તો તેમાં કાંઇક ભડકો થાય છે, તો તરતજ તેણે તે જગાએથી ખસીને બીજે ઠેકાણે ચાલ્યા જવું જોઈએ. જ્યાં હવા ચોકખી હોય એવી જગાએ તેણે જઈને ઉભા રહેવું જોઇએ. જો તે એમ ન કરે તો એના ફાનસનું મથાળું થોડી વારમાં એટલું બધું તપી જાય કે તેને લીધે આસપાસની હવા આપોઆપ સળગી ઉઠે ને મોટો ધડાકો થાય. વળી જો તે ફુંક મારીને પોતાનો દીવો હોલવી નાંખવાનો પ્રયત્ન કરે તો કદાચ એવું પણ બને કે એનીજ ફુંકથી ફાનસમાંનો ભડકો તારનાં જાળીયામાંથી બહાર નીકળે અને

તેથી પણ આગ લાગી જાય. આ કારણથી અમે બધા માણસોને દીવાને ફુંક મારવાની મનાઇ કરેલી છે.



ફાનસો સાફ કરવાનો સંચો

બચ્ચુમીયાંએ આગળ ચલાવ્યું—

આ ફાનસોને અમારે બહુજ સાફ રાખવાં પડે છે. જો થોડુંક તેલ બહાર ડબ્બા પર ઢોળાયું હોય તોયે જોખમ. જો તારનું જાળીયું મેસથી પૂરાઈ ગયું હોય તોયે ન ચાલે. આથી ખાણની બહાર, માળે એક ઓરડો ફાનસોને સાફ કરવાને માટે ખાસ રાખેલો છે. તેમાં કેટલાક સંચાઓ ગોઠવેલા છે તેના વડે ફાનસના જુદા જુદા ભાગો ચોકખા થાય છે. કેટલાક છોકરાઓ આખો દિવસ એજ કામ કર્યા કરે છે. ઓરડાની બહાર ફાનસ ટંગાવવાની એક ઘોડી હોય છે. ખાણમાં કામ કરીને બહાર નીકળતો દરેક માણસ પોતાનું

ફાનસ હોલવીને તે ઘોડી પર ટંગાવી ચાલ્યો જાય છે. છોકરાઓ તે ફાનસ ઓરડામાં લઈ જઇને સંચા પર સાફ કરે છે.

એ સંચામાં જુદા જુદા કદના ને જુદા જુદા ઘાટના બ્રશ હોય છે, ને તે વિજળીના બળથી ચક્કર ચક્કર ફર્યાજ કરે છે. ફાનસની ચીમની કાઢીને એક બ્રશની ઉપર ધરે છે, એટલે જોતજોતામાં—આંખ મીંચીને ઉઘાડીએ એટલામાં—તેની અંદરની બાજુ સાફ ચકચકતી થઈ જાય છે. બીજા એક બ્રશ પર તે ચીમની ધરે છે એટલે એક પળમાં તેની બહારની બાજુ સાફ થઈ જાય છે. એ પ્રમાણે ફાનસના દરેકે દરેક ભાગ ઝપાટાબંધ સાફ થઈ જાય એવી ગોઠવણ તે સંચામાં કરેલી હોય છે. દરેક ફાનસ સાફ થયું ને તેલ પૂર્યું, એટલે તેને પાછું બહાર લાવી ઘોડી પર ટંગાવી દે છે. ત્યાંથી તેને ખાણમાં જવાવાળો માણસ ઉઠાવીને લઈ જાય છે.

આ પ્રમાણે વાત થતી હતી એટલામાં એક માણસ પોતાની કોદાળી લઇને ત્યાંથી પસાર થતો હતો, તેની પાસેથી કોદાળી લઈને બચ્છુમીયાંએ મગનને બતાવી કહ્યું—

આ તીકમ કોલસા ખોદી કાઢવા માટે ખાસ બનાવેલી છે. એ બહુજ અણીદાર છે. કોલસાની વચ્ચે

કેટલીક વાર મોટા ચીચા પત્થરો આવે છે, તે હુંચકીને કાઢી નાંખવા માટે આ તીકમનો ઉપયોગ થાય છે.

હિસાબ રાખવાની રીત

પછી તેઓ આગળ ચાલ્યા. જ્યાં જુએ ત્યાં અંધારૂં ઘોર, અને માણસો દીવા લઇ લઇને આમથી તેમ જતા દેખાય અથવા ખોદવાનું કામ કરતા હોય. ખાલી તેમજ ભરેલી ટ્રામ ગાડીઓ આમથી તેમ ને તેમથી આમ જતી હોય. જેમ જેમ કોલસો ખોદાતો જાય તેમ તેમ તેને ટ્રામ ગાડીમાં ભરીને માળે મોકલી આપવામાં આવે.

મગને પૂછ્યું—મીયાં, આ બધા માણસો કામ કરે છે તેનો હિસાબ કેવી રીતે રાખતા હશે? એ લોકોને પગાર મળે છે કે રોજ?

મીયાંએ જવાબ આપ્યો કે આ માણસોમાં કેટલાક પગારદાર હોય છે, પરંતુ કોલસો ખોદનારા માણસોને તો કામ પ્રમાણે પૈસા આપવામાં આવે છે. દરેક મજુર પોતે કોલસા ખોદીને જે ટ્રામમાં નાંખે તે ભરાય, એટલે તેના ઉપર પોતાના નામનું પાટિયું મારી દે છે, અથવા પોતાનું કોઈ ખાસ નિશાન ઠરાવ્યું હોય તે લગાડી દે છે. પછી તેને એ ટ્રામ ગાડી તરફ જોવું યે પડતું નથી.

તેની ગાડી આપોઆપ દોરડાં વતી ખેંચાઇને ઉપર ચાલી જાય છે, અને ત્યાં મથાળે જે કારકૂનો બેઠા હોય છે તેઓ એ ટ્રામ ગાડીનું વજન કરીને તેમાં જેટલો કોલસો હોય તે પેલા માણસને ખાતે જમા કરે છે. પછી અઠવાડિયે હિસાબ થાય છે ત્યારે તેને પૈસા મળે છે.

લાકડાના ટેકા

આમ વાત કરતા તેઓ આગળ ચાલ્યા. તેમને ખાણની અંદર બહુજ સંભાળથી ચાલવું પડતું હતું, કારણ કે એક તો અંધારૂં હતુંજ, તેમાં હવે વળી રસ્તાની છત બહુજ નીચી આવવા લાગી. મગન તો નાનો હતો એટલે તેને તો બહુ મુશ્કેલી નહિ પડી. પરંતુ એના મામાને તથા બચ્ચુમીયાંને તો વાંકા વળીને ચાલવું પડતું હતું. બચ્ચુમીયાં તો એવી રીતે ચાલવાને ટેવાયલા હતા. પરંતુ છોટુમામાને ટેવ ન હોવાથી તેમનું માથું બે ત્રણ વાર છતમાંના પત્થર સાથે ભટકાયું. મગન પણ હવે વાંકો વળીને ચાલવા લાગ્યો.

માર્ગમાં બધે છતને લાકડાના ટેકા મૂકેલા હતા. કોલસા ખોદતાં જે ગબારૂં પડતું જાય, તેની ઉપરનો ભાગ આપોઆપ ધસી ન પડે તેટલા માટે તેને મજબૂત

સાકટા ગોઠવીને ટેકવી રાખવો પડે છે. એમ નહિ કરે તો જ્યારે માણસ ખોદકામ કરતા હોય ત્યારે અચાનક ઉપરથી છત ધસી પડે અને તેઓ જીવતા દટાઈ જાય. ખાણની અંદર આવું બનવાનો બહુજ ભય રહે છે.


કેટલીક ખાણો જમીનની અંદર પાંચસો સાતસો ફુટ ઉંડે હોય છે. હવે ખાણની ઉપર આવેલા પાંચસો ફુટ જમીનના પડનો ભાર કેટલો બધો થાય તેનો તો આપણને ખ્યાલ પણ ન આવે. લાખ, બે લાખ, પાંચ લાખ મણ જેટલો કે તેથીયે વધારે ભાર થાય. એટલો બધો ભાર ખાણની છત ઉપર આવે એટલે તે તૂટીજ પડે ને?



આમ ટેકા આપીને છત મજબૂત કર્યા વગર તો ચાલેજ નહિ.

જીવતા દટાઈ જાય

એવી રીતે છત ભાંગી પડવાના કિસ્સા કોયલાની ખાણમાં ઘણી વાર બને છે. ખાણમાં કામ કરનારાઓને માથે એ મોટામાં મોટું જોખમ છે. જ્યારે છત તૂટી પડે ત્યારે ત્યાં કામ કરતા હોય તેટલા પાંચ દશ કે પાંચસો—બધાં માણસો જીવતા દટાઈ જાય છે. પછી તેમને ખોદી કાઢવાનું કામ પણ બહુ મુશ્કેલ છે. છતના બાકીના ભાગને સાકટાના ટેકાઓ મૂકાય ત્યાર પછીજ પેલા દટાયલાઓને ખોદી કાઢવાનું કામ થઈ શકે. તેમાં કેટલીક વાર કલાક બે કલાક અથવા અડધો અડધો દિવસ સુધી માણસ તેમાં દટાઇ—ગુંગળાઈ રહે છે. જ્યારે ખોદી કાઢ-



છત તૂટી ન પડે તે માટે કેવા ટેકા મૂકાય છે તે.

વામાં આવે છે ત્યારે તેમાંના પાંચ પચીસ, કે પચાસ માણસો જ જીવતાં નીકળે છે અને બાકીના મુડદાં થઇને નીકળે છે.

હેં ?–મગન ચમકીને બોલી ઉઠ્યો–હાય હાય ! ત્યારે તો એવી મોતની નોકરી કરવાને તમે લોકો શા માટે આવતા હશો ?

બચ્ચુમીયાંએ કહ્યું–મગનભાઈ, નોકરી કરવા નહિ આવીએ તો ખાઈએ શું ? રોજ ઉઠીને પેટમાં ભૂખ તો લાગેજ છે. તેને ખોરાક આપીને ટાળવી તો જોઇએજ ને? આપણા દેશમાં ખેતી દિવસે દિવસે નબળી પડતી જાય છે; એટલે આ, કે બીજો કાંઈ ધંધો ન કરીએ તો ભૂખે મરીએ. આ ખાણના ધંધામાં જોખમ છે ખરૂં. પરંતુ એવી વખતે મોટી છત તૂટી પડીને સેંકડો માણસો દટાઈ મરવાના દાખલા જવલ્લેજ બને છે. પાંચ દશ વરસે એકાદ વાર. બાકી બે પાંચ માણસ ચગદાઈ જવાના દાખલા તો ઘણી વાર બને છે, અને અમે તેનાથી ટેવાઇ પણ ગયા છીએ.

અકસ્માતને વખતે

જ્યારે જ્યારે એવી રીતે છત તૂટીને માણસ દ-



જ્યારે અકસ્માત થાય છે ત્યારે મદદ માટે રાખેલાં માણસો દીવા લઇને તે ઠેકાણે દોડી જાય છે. હાથમાં એકાદ પક્ષી પણ રાખે છે જેથી હવા બગડેલી હોય તો માલમ પડી આવે.

બાયાની વાત અમે સાંભળીએ કે તરતજ બીજું બધું કામ પડતું મૂકીને તે આફતવાળી જગાએ દોડી પહોંચીએ છીએ અને દબાયલા માણસોને જેમ બને તેમ ઉતાવળે ખોદી બહાર કાઢીએ છીએ. તેમને તરતજ ઉપર લઈ જઈ ઇસ્પીટાલમાં પહોંચાડીએ છીએ. ત્યાં ડાકટર, નર્સો વગેરે તેમની સારવાર મફત કરે છે. જેટલા દિવસ તેમને ઈસ્પીટાલમાં રહેવું પડે, તેટલા દિવસ તેમને અમુક પૈસા

રોજ મળે છે. વળી તેમનામાંથી કોઇ મરણ પામે તો તેમનાં બૈરાં છોકરાંની સંભાળ પણ અમારા શેઠ તરફથી લેવાય છે. તેમને પૈસા વડે પણ થોડોક બદલો અપાય છે. જોખમભરેલું મજુરીનું કામ કરનાર મજુરને ઈજા થાય તો સરકાર કાયદાની રૂએ પણ પૈસાનો બદલો અપાવે છે.

સરકારી અમલદાર

વળી ખાણોમાં છત તૂટી પડવાના અકસ્માત બનેજ નહિ તેને માટે પણ સરકાર ચોકસાઇ ભરેલાં પગલાં લે છે. સરકારે એક ખાણ ઇન્સ્પેક્ટર નિમેલા છે. તે વારે વારે આ ખાણની મુલાકાત લે છે. છતને ટેકવવા માટે બધી જગાએ થાંભલા બરાબર ગોઠવેલા છે કે નહિ, તેની તે તપાસ કરે છે. કેવી જગા ઉપર કેટલે અંતરે થાંભલાઓ મૂકવા જોઈએ, તે પણ અનુભવથી નક્કી કરેલું હોય છે. તે પ્રમાણે થાંભલાના ટેકા મૂકેલા ન હોય તો એ ઇન્સ્પેક્ટર સાહેબ અમારી સૌની ધૂળ કાઢી નાંખે છે અને અમારી સામે ફરિયાદ માંડે છે. આથી અમે બહુ સંભાળીને ચાલીએ છીએ.

છતાં મજુરોને કેટલીક વાર ટેકા મૂકવાનું આળસ આવી જાય છે. ટેકા મૂકવામાં સ્હેજે પા કલાક જાય–

તેથી મજુર એમજ વિચાર કરે, કે–ઓહો ! આટલોજ ભાગ ઝુલતો છે કેની? તેમાં શું થઇ ગયું ? ૫ા કલાક ટેકો મૂકવામાં ગુમાવું તે કરતાં પહેલાં આટલો ખૂણો ખોદી નાંખું. પછી બેઉ ટેકા સાથે મૂકીશ. ખાણનો મજુર બહુ સાહસિક હોય છે. તેથીજ સરકારને ઈન્સ્પેક્ટર રાખવાની જરૂર પડે છે.

કપરી જગાઓ

ખાણમાં મજુરને કેટલીક વાર બહુ કપરી જગામાં કામ કરવું પડે છે. બે ફુટની જગા હોય, છતની ઉંચાઇ ત્રણ કે ચાર ફુટ હોય, તેવી જગાએથી કોલસા ખોદવાના હોય ત્યારે ખોદનારને ઘૂંટણીએ બેસીને કામ કરવું પડે છે. કેટલીક વાર તો છત બહુજ ટુંકી હોય, માત્ર બે ફુટ ઉંચે હોય, અને તેમાંયે સામેની બાજુએ ઢાળ પડતી હોય–એવી જગામાં મજુર આડો ઢળીને સૂતાં સૂતાં કોદાળી ચલાવે છે. એ કામ બહુજ મુશ્કેલીભરેલું છે. ને તે બિચારો આખા દિવસમાં માંડ અડધા દિવસ જેટલું કામ કરી શકે છે.

આમ વાત કરતા ચાલતા હતા એટલામાંજ એક મજુર એવી કઢંગી જગામાં ખોદકામ કરતો માલમ



કેટલીક વાર કોલસા ખોદવા માટે ખાણના મજૂરને બહુજ મરડાઇ જઇને કામ કરવું પડે છે, લગભગ સૂઇને ખોદવું પડે છે.

પડ્યો. મગને જોયું તો તે બાપડો લગભગ જમીન પર સૂઈ ગયો હતો; અને ખોદતાં ખોદતાં થાક લાગવાથી તેનું મ્હોં લાલચોળ થઈ ગયું હતું. મગનને તથા છોટુ-મામાને આવેલા જોઇને તે મજુર ખૂણામાંથી બહાર નીકળ્યો અને સલામ કરીને ઉભો રહ્યો. બોલ્યો—ટેકા બરાબર મૂક્યા છે સાહેબ.

તેના મનમાં એમ કે ઇન્સ્પેકટર સાહેબ આવ્યા હશે. પણ છોટુમામાએ તેને કહ્યું—ચલાવ, ભાઈ ચલાવ—

તું તારૂં કામ કર. અમે તો માત્ર જોવા આવ્યા છીએ. અમે કાંઇ ઈન્સ્પેક્ટર નથી.

માથા પર પંખો

ઇન્સ્પેક્ટર નથી એવી ખાત્રી થતાં પેલો મજુર પાછો કામે વળગ્યો. મગન અને છોટુમામા આગળ ચાલ્યા. એટલામાં માથે કાંઈક ધુમ્મ કરતો અવાજ થતો સંભળાયો અને તે અવાજ ઘણે ઉંચેથી આવતો લાગ્યો. મગને ઉંચે જોયું તો માથા પર ઘણે દૂર આકાશ જેવું અજવાળું દેખાયું તેણે બચ્ચુમીયાંને પૂછ્યું કે આ શાનું બાકોરૂં છે ?

મીયાંએ કહ્યું—ખાણમાંની હવાને ચોકખી રાખવાને માટે ઠામ ઠામ આવાં બાકોરાં પાડવામાં આવે છે. એ બાકોરાંને મથાળે એક વિજળીનો પંખો મૂકેલો છે તે જોસભેર ફરે છે. તેનો આ અવાજ આવે છે.

પંખો મૂકવાનું કારણ શું ?

પંખો આ ખાણમાંની હવાને ખેંચીને બહાર કાઢી નાંખે છે. ચોતરફથી બંધિયાર હોવાને લીધે ખાણમાંની હવા બહુજ ખરાબ થઈ જાય છે. ખાસ કરીને કેટલાક રસાયણી પદાર્થો ખાણમાં ઝેરી હવા ઉત્પન્ન કરે છે; તેમાંથી બચવા માટે પણ ખાણની હવાને દરેક પળે ચોકખી

રાખવી એ જરૂરનું થઈ પડે છે; આ બાકોરાને મથાળેનો પંખો જે હવાને બહાર કાઢી નાંખે છે તેની જગા પૂરવા માટે બીજાં બાકોરાંમાંથી તાજી હવા આપોઆપ ધસી આવે છે. આથી પંખા વડે હવા શુદ્ધ થતી જાય છે. આ ખાણમાં આવા ચાર પંખા ચાલે છે અને શુદ્ધ હવા દાખલ કરવાને ચાર પાંચ બીજાં બાકોરાં છે.

અંધારી ગલીઓ

મગન બોલ્યો—મને આ ખાણના રસ્તાઓ જોઇને બહુ નવાઈ લાગે છે. આ અંધારી ગલીઓ શાની છે? ને એમાં કેવા માણસો કામ કરી રહ્યા છે?

આ અંધારી ગલીઓ હેડીંગ કહેવાય છે. જે રસ્તા પર આપણે ચાલીએ છીએ તે મુખ્ય રસ્તો છે. અને બંને બાજુએ ફાંટા છે. જેવી રીતે શહેરની અંદર એક મોટો મુખ્ય રસ્તો અને બીજા બધા ફાંટા હોય છે, તેવુંજ અહીં પણ હોય છે. ફેર એટલોજ કે આ રસ્તો ને આ ફાંટા બધાયે ખોદી ખોદીને બનાવેલા છે. વળી તે આરપાર નથી. અંદરથી બંધિયાર છે. બધા ફાંટાને નંબર આપેલા છે. દરેક માણસ પોતે કયા ફાંટામાં કેટલું કામ કરે છે તેનો રોજ હિસાબ રખાય છે. ખાણનો મુકાદમ હોય છે

તે રોજ કઈ દિશામાં કેટલું ખોદકામ થયું તેનો હિસાબ અને નકશો રાખે છે. જો એકજ જગા પર જોઇએ તે કરતાં વધારે પહોળું ખોદકામ થયું, તો માથા પરની છત કડેડાટો કરીને તૂટીજ પડે ને મોટી આફતનો પ્રસંગ ઉભો થાય. તેવું ન બને તેટલા માટે વચ્ચે વચ્ચે થાંભલા રૂપ નક્કર જગા ખોધા વગરની રાખવામાં આવે છે. કોણે કેટલી જગા ખોદવી તેના નિયમ પહેલેથીજ નક્કી કરેલા હોય છે. વીસ વાર કરતાં વધારે સમચોરસ જગા તો કોઈ પણ રીતે ખોદાવી જોઇએજ નહિ. એવડી જગા ખુલ્લી થઈ જાય તો છત તૂટીને કડાકો થવાનો પૂરેપૂરો સંભવ રહે. એટલે કયો માણસ કયાં કામ કરે છે તે જોવાને માટે ખાણના અનુભવી માણસો આખો વખત આમથી તેમ ફર્યાજ કરતા હોય છે.

ભોંયરા જેવા ફાંટા

તેઓ આગળ ચાલ્યા. એટલામાં એક બાજુએ ત્રણેક ફુટનું બાકોરું આવ્યું. મગને તેમાં ડોકીયું કરીને જોયું તો અંદર દીવા બળતા દેખાયા; અને કેટલાક માણસો કામ કરતા માલમ પડયા. તે જોઈ નવાઈ પામી એ બોલી ઉઠયો—ઓ બાપ રે! આ તો કંઈ ભોંયરું છે કે શું?

બચ્ચુમીયાંએ કહ્યું એ ભોંયરા જેવું લાગે છે તે પણ એક હેડીંગ અથવા ફાંટોજ છે. ખાણમાં કેટલીક જગાએ કોલસાનું પડ માત્ર બે ત્રણ ફુટનુંજ હોય છે ત્યાં ખોદકામ કરવાની માણસોને બહુજ મુશ્કેલી પડે છે. તેમને બેઠાં બેઠાંજ ઘણું કામ કરવું પડે છે.

થોડે આગળ ગયા એટલે બાજુમાંની ભીંતમાંથી ધડધડધડ પાણી પડતું દેખાયું. તે બતાવીને મીયાંએ કહ્યું–કે મગનભાઈ આ જોયું કે? આ ભીંતમાંથી પાણી આવે છે તે કયાંથી આવતું હશે?

પાણીના ઝરા

મગને કહ્યું–મને સમજ પડતી નથી.

ત્યારે મીયાંએ કહ્યું–આ તો પાણીનાં ઝરણ છે. આપણે યાદ રાખવું જોઇએ કે આ જગા જમીનની સપાટી કરતાં ત્રણસો ચારસો ફુટ નીચે છે. જમીન પર આપણે ચાળીસ પચાસ ફુટનો કૂવો ખોદીએ કે તરત પાણીનાં ઝરણ લાગૂ પડે છે. તેમાં પાણી બહુ ધીમે ટપકે છે. પણ આ જગા તો કૂવા કરતાં આઠ ગણી ઉંડી છે તેથી આ ઝરણું આટલું જોસબંધ પાણી આપે છે.

તે આ પાણી કયાં જતું હશે?–છોટુમામાએ ઉત્સુક-

તાથી પૂછ્યું.

અહીંથી થોડે દૂર સુધી એક નીક કરેલી છે, ને તેને છેડે એક ખાડો ખોદી રાખ્યો છે. એ ખાડાને મથાળેથી નળો મૂકીને એન્જીન–પંપ દ્વારા આ પાણીને ખાણની બહાર ખેંચી કાઢવામાં આવે છે. આવી તો ઘણી જગાના ઝરણનું પાણી એ ખાડામાં એકઠું થાય છે.

મગને કહ્યું–જો એ પ્રમાણે આ પાણીને બહાર કાઢી નાંખતા ન હોય તો થોડાક દિવસમાંજ આખી ખાણને ભરી કાઢે, ખરૂં ને?

હાસ્તો. અરે, આ પાણીના ઝરણાં તો ખાણવાળાઓને માટે એક મોટા શત્રુ રૂપ છે એમ કહીએ તો ચાલે. કેટલીક વાર તો ખાણની અંદર અચાનક ફુટી નીકળતાં ઝરણાં–ઝરણાં નહિ પણ ધોધ–તો એવાં ભયંકર નીવડે છે, કે તેને લીધે સંખ્યાબંધ માણસોની ખુવારી થઈ જાય છે. એક વાર વિલાયતમાં એક ખાણની અંદર પાણીનો ધોધ ઓચિંતો ફાટી નીકળ્યો ને તેનાથી એટલું બધું નુકસાન થયું કે તેની વાત સાંભળીને તમારા તો રૂંવાડાજ ઉભા થઈ જાય....

એવી તે શું વાત છે? મગને કહ્યું–કહો તો ખરા.

ભયંકર કિસ્સો

મીયાંએ કહ્યું–સાંભળો. ઘણા વરસની વાત છે. મારા ચાચા મને કહેતા હતા–કે એક વાર એક ખાણમાં પંદરેક માણસ ખોદકામ કરતા હતા. તેઓ એક હેડીંગ ફાંટામાં ખોદતા હતા. હવે આ ફાંટો એવો હતો કે તેનો જે છેડો મુખ્ય રસ્તાને મળતો હતો તે નીચાણ ભાગમાં હતો અને ફાંટાનો અંદરનો ભાગ ઉંચો ઢાળ પડતો હતો. તે એટલે સુધી કે ફાંટામાં પચાસેક વાર અંદર જઇએ એટલે જમીન એના મ્હોંના મથાળાં કરતાંયે ઉંચી આવતી હતી.

હવે એવું બન્યું કે આ માણસો પોતપોતાના કામમાં મશગુલ હતા, તે વેળા અચાનક એક જગાએ ભીંતમાંથી પાણીનો મોટો ધોધ ફાટી નીકળ્યો. ને તેનું પાણી મુખ્ય રસ્તાના અમુક ભાગને રોકી નાંખવા લાગ્યું. જેવી આ લોકોને ખબર પડી કે ધોધ ફાટ્યો છે, તેવાજ તેઓ ફાંટામાંથી બહાર નીકળી નાસવાને દોડયા; પરંતુ ફાંટાના મુખમાં તો પાણી ભરાવા લાગી ગયું હતું. તેઓ મુખ સુધી પહોંચે એટલામાંજ પાણીનો સજ્જડ ધસારો આવ્યો અને મુખ બંધ થઈ ગયું; એટલુંજ નહિ, પણ ફાંટાની અંદર ઘણે ઉંડે સુધી પાણી ધસી આવ્યું.

આ બાપડા તો ખૂબજ ગભરાયા ને જીવ બચાવવા માટે ,હેડીંગની અંદર નાઠા. પણ એ દિશા તો બંધ હતી. આપણે જેને આંધળી ગલી કહીએ છીએ તેવી હતી. ત્યાંથી તો રસ્તો હતોજ નહિ. જો તેઓ ખોદીને પડોશમાંની ગલીની સાથે સંબંધ જોડી દે તોજ રસ્તો થાય; પરંતુ તેમ કરવામાં મોટા ભય હતા.

આ તરફ પાણી ગલીમાં થોડેક સુધી આવી પહોંચ્યું, પણ જેવું ગલીનું મ્હોં પૂરાઇ ગયું એટલે પાણી અંદર આવતું બંધ થયું. ગલીની અંદર જે હવા ભરેલી હતી તેને બહાર નીકળવાનો રસ્તો ન હોય તો પછી પાણી અંદર કેવી રીતે આવી શકે ? છતાં હવા તો દબાઇ શકે છે કેની ? તે રીતે હવા દબાવા લાગી. જેમ જેમ મુખ્ય રસ્તા પર પાણી વધતું ગયું તેમ તેમ ગલીની અંદર પાણીનું દબાણ વધતું ગયું. તેમ તેમ પાણી પેલા કેદ થયેલા મજુરો તરફ આવતું ગયું. તેઓ તો બહુજ ગભરાવા લાગ્યા. એવી રીતે આપણે પૂરાયા હોઈએ તો આપણને કેવું લાગે !

હું તો બા મરવાજ પડું, મગન બોલ્યો.

દશ દિવસની કેદ

મગનભાઈ, મરવા પડવાની શું વાત કરો છો? એ

તો ખરેખરૂં મોતજ કહેવાય. આ તો એમાંના થોડાંક માણસ નસીબવાળા તે બચી ગયા. સાંભળો, પાણી તો દબાતું દબાતું ચાલ્યુંજ આવ્યું. હવા દબાતી ચાલી ને પાણી પાસે આવતું ગયું. તેમ તેમ પેલાઓની છાતી ધડકવા લાગી. પરંતુ હવા દબાય તો ખરી પણ તે અમુક હદ સુધીજ દબાય. વધારે નહિ. એટલે જ્યારે હવા બીલકુલ દબાય નહિ એવી ઘટ્ટ બની ત્યારે પાણી આવતું અટક્યું.

એ જગામાં ને એ દશામાં આ પંદર માણસો પૂરા દશ દિવસ સુધી સપડાઇ રહ્યા. નહિ મળે ખાવાનું કે નહિ મળે પાણી. પાણી તો હતું પણ તે ગંદું ને ઘેરાયલું. દશ દહાડા સુધી તેમના ઝાડા પિસાબ પણ ત્યાંજ થયેલા ! હવા પણ દબાણને લીધે બહુજ ઘટ્ટ થયેલી, તેથી શ્વાસ લેવાનું પણ મુશ્કેલ !

દશ દિવસ પછી બીજા મજુરો જે જીવતા નાસી છુટેલા તે બીજા રસ્તા પરથી હેડીંગ ફાંટામાં ઘુસીને ખોદતાં ખોદતાં એ માણસોની પટોશમાં આવી પહોંચ્યા. તેમણે પાછલી બાજુથી બાકોરૂં પાડીને આ માણસોને બહાર કાઢ્યાં. તેમ કરવામાં પણ એક માણસ ઉતાવળો થયો તે માર્યો ગયો. જેવું બાકોરૂં ખોદાયું કે તે વહેલો વહેલો બહાર નીકળવા ગયો; પણ પેલી દબાયલી હવાનો

ધક્કો એને એટલા બધા જોરથી લાગ્યો, કે તે ઉડીને સામે ખડકની ભીંત સાથે અથડાયો ને તેનું ટાળકું ફુટી ગયું. તે મરણ પામ્યો. બીજા જે નીકળ્યા તેમાં પણ ઘણા બેભાન અવસ્થામાં મુડદાલ જેવા નીકળ્યા.

ઉપર આવ્યા

આટલું જોઇ રહ્યા પછી ખાણમાં નીચે કાંઈ વિશેષ જોવાનું બાકી રહ્યું ન હોવાથી તેઓ પેલા પાંજરામાં બેસી ઉપર આવ્યા. ખાણમાંથી બહાર આવ્યા એટલે મગનને જાણે કેદખાનામાંથી છુટયા હોય તેવુંજ લાગ્યું. કારણ કે ખાણમાં તો બધે અંધારૂં અંધારૂં. કોઈ કોઈ જગાએ દીવા બળે, તેનું થોડું થોડું અજવાળું પડે. અને બહાર તો સૂર્યનો પ્રકાશ ઝગઝગાટ મારતો હોય. અંધારામાંથી અજવાળામાં આવતાં માણસને સ્વાભાવિક રીતેજ આનંદ થાય છે, તેવો આનંદ મગનને થયો.

પછી તેઓ કોલસાને ધોવાના કારખાનામાં ગયા. જે કોયલા ખાણમાંથી નીકળતા હતા, તેને સંચાઓ મારફતે એવી રીતે આ કારખાનામાં લાવતા હતા કે માણસોને તેમાં અડકીને મહેનતજ ન કરવી પડે. પાંજરામાં ચઢીને કોલસાથી ભરેલી જે ગાડી આવે, તે અમુક જગાએ

ઉભી રહે કે તરતજ ત્યાંના સંચાઓમાં પકડાઈને તેનાં પૈંડા સમેત ઉંધી વળી જાય. ગાડી ઉંધી વળે એટલે તેમાં ભરેલો બધો કોલસો ઠલવાઈ જાય. તે પાધરો એક મોટી ચાલણી પર પડે. તે ચાલણી એવી રીતે ઢળતી ગોઠવેલી કે જે કોલસા તેના ઉપર પડે, તેમાં જે મોટા મોટા હોય તે એકદમ ગબડીને ચાલણીના છેડા સુધી ચાલ્યા જાય. તે છેડાની તળીએ એક હાથગાડી ગોઠવેલી હોય તેમાં પડે.


કોલસાની ચાલણીઓ

જે કોલસા ચાલણીમાંથી ગળાઇને નીચે પડે તે પાછા બીજી એક ચાલણીની ઉપરજ પડે. તે ચાલણીનાં કાણાં પહેલી ચાલણી કરતાં નાનાં હોય. એમાંથી ગળાઇને પડતા કોયલા વળી એક ત્રીજી ચાલણી પર પડે. એમ કરતાં કરતાં નાના મોટા કોલસાની પાંચ જાતો આપો-આપ જુદી પડી જાય છે. તે બધી સીધી હાથગાડીઓ-માંજ પડે છે, ને પોતપોતાની જાતનો જથો જ્યાં ભરેલો હોય તે ગોડાઉનમાં જઈ પડે છે.

સામાન્ય રીતે કોલસા ખાણમાંથી ચોકખા નીકળવા જોઈએ; ને તે પહેલાં નીકળતા પણ હતા. પરંતુ દિવસે

દિવસે કોયલાનો ખપ એટલો વધી ગયો છે, અને એટલા બધા કોલસા વપરાઈ ગયા છે કે હવે દુનિયામાં ચોકખા કોલસાની ખાણો બહુ જુજ રહી છે.


હાલ જે ખાણો ખોદાય છે તેમાંથી મોટે ભાગે કાંકરીવાળો ને મટોડીવાળો કોલસો નીકળે છે. તે કોલસાને વેચતાં પહેલાં ધોવો પડે છે. ધોવાથી તેમાંની મટોડી ને કાંકરી સાફ થઈ જાય છે. એ ધોવાનું કામ પણ સંચાથી થાય છે. તે કેવી રીતે થાય છે તે બચ્ચુમીયાંએ મગનને સમજાવ્યું.



કોલસા આપોઆપ ચળાઇને નાના મોટા જુદા પડે તે માટે કરેલી યુક્તિ.

ધોવાની ક્રિયા

કોલસા ધોવાને માટે હારબંધ ગોઠવેલા લોખંડના મોટા મોટા હવાડા હોય છે, એ હવાડામાં એકેક ખુણે પંપ ગોઠવેલો હોય છે તે પંપ વિજળિક પાવરથી ચાલે છે; ને તેનો દાંડો ઉંચો નીચો થાય છે તેનાથી હવાડામાંનું પાણી ઉછળે છે. પાણીમાં કસ્તરવાળા કોલસા નાંખેલા હોય છે. પાણીના ઉછળવાથી કોલસામાંની મટોડી વગેરે છુટું પડી જાય છે. હવે આ પાણી સ્થિર હોતું નથી. એક નળમાંથી ધોધબંધ આવે છે. એક હવાડામાંથી બીજા હવાડામાં અને બીજામાંથી ત્રીજા હવાડામાં વહેતું જાય છે. એ વહેતા પાણીની સાથે ચોકખા થયેલા કોલસા એક હવાડામાંથી બીજા હવાડામાં તણાઈ જાય છે.



કોલસા ધોવા માટે પંપવાળો હવાડો.

તતડવાનું કારણ

પાણી કરતાં કોયલા હલકા હોય છે. અને મટોડી

અથવા કાંકરી પાણી કરતાં ભારે હોય છે. તેથી મટોડી છુટી પડીને પાણીને હેઠે બેસે છે. ને પંપના ઉછાળા સાથે ધોવાયલા કોલસા એક હવાડામાંથી બીજા હવાડામાં ચાલ્યા જાય છે.

આ બધી ક્રિયા થતી નજરે જોવામાં મગનને ઘણો આનંદ પડયો. હવે તેને ખાત્રી થઈ કે પેલા તતડીઆ કોયલામાં ખરેખર કાંકરીઓજ હોવી જોઇએ. કોયલામાં ધોતાં ધોતાં કેટલીક કાંકરીઓ અંદર રહી જાય છે. તે ભાગ જયારે બળવા લાગે છે ત્યારે કાંકરી તપીને ફાટે છે ને તણખા ઉરાડે છે.

આ બધું જોયા પછી મગન પોતાના મામાની સાથે ઘેર ગયો.

પ્રિય બાળકો, તમારે કોઇ કોલસાની ખાણવાળાની સાથે ઓળખાણ હોય તો તમે પણ એકાદ દિવસ જોઈ આવજો. આપણા હિંદુસ્થાન દેશમાં કોલસાની ખાણો ઝાઝી નથી. બંગાળામાં રાણીગંજ પાસે કોલસાની મોટી મોટી ખાણો છે. તેમાંથી હજારો મણ કોલસા નીકળે છે. તે કોલસા અંજીનોમાં બાળવાના કામમાં આવે છે. કેટલીક ખાણોમાં માત્ર ઘરમાં બાળવાનો કોલસો નીકળે છે. તે કાઢવાનો સહેલો પડે છે. પણ સંચાનો કોલસો કાઢવાનું કામ બહુ મુશ્કેલ હોય છે.

ભઠ્ઠીના કોયલા

વળી કેટલોક કોલસો લાકડાં બાળીને પાડવામા આવે છે. તેને માટે જંગલોમાં મોટી મોટી ભઠ્ઠીઓ કરવામાં આવે છે. હજારો મણ બાવળનાં લાકડાંને અમુક રીતે ગોઠવીને સળગાવવામાં આવે છે. ને પછી જ્યારે તે બરાબર સળગી રહે ત્યારે તેના ઉપર એકદમ પાણી છાંટીને હોલવી નાંખે છે. આ કામ કરવા માટે ઘણા હુશીયાર ને અનુભવી માણસોની જરૂર પડે છે. કારણ કે ભઠ્ઠીને જો બરાબર ગોઠવી ન હોય, તો લાકડાં ધુમાડો કરે ને સારા કોલસા પડે નહિ. વળી પાણી ક્યારે છાંટવું તે પણ બરાબર પારખવું પડે છે. નહિ તો લાકડાં કાચાં રહી જાય ને કોયલા બીલકુલ પડેજ નહિ, એવું બને. આપાં ત્યાં રોજ વપરાતો કોયલો આવી ભઠ્ઠીઓ કરીને પાડેલો હોય છે.

